પોલીસ સ્ટેશન અધિકારી જયારે કોગ્નીઝેબલ ગુનાની ફરીયાદ નોંધવાની ના પાડે ત્યારે તાલુકા મેજીસ્ટ્રેટશ્રીને ફરીયાદ આપવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક: પસફ-૨૦૯૮-૨૫૧૧-ઠ.
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૨-૪-૯૮.

આમુખ :-

કોઈ કોગ્નીઝેબલ ગુનાહીત કૃત્ય અંગે પ્રજા તરફથી ફરીયાદ આપવામાં આવે તો તે અંગે તાત્કાલિક ફરીયાદની નોંધણી અને તે અંગેની કાનુની કાર્યવાહી કરવાની પોલીસ સ્ટેશન અધિકારીની ફરજ છે. આમ છતાં ઘણા કિસ્સાઓમાં એવું જોવા મળ્યું છે કે, જેતે પોલીસ સ્ટેશનના અધિકારીઓ ફરીયાદ નોંધતા નથી કે સ્વીકારતા નથી. તેવી રજૂઆતો રાજ્ય સરકારને મળતી રહે છે. ફરીયાદ નહીં નોંધવાની આ ક્રિયા પ્રજાજનોને ન્યાય માટે ' ના પાડવા ' બરાબર છે. પોલીસ સ્ટેશન અધિકારીઓએ આવી ફરીયાદો તાકીદે નોંધવાની અને કાયદા રાહે તેનો ઝડપથી ઉકેલ આવે તે જોવાની ફરજ છે. ફોજદારી કાર્યરીતિ ધારાની કલમ-૧૫૪ માં કોગ્નીઝેબલ ગુનાની ફરીયાદ નોંધવાની કાર્યપધ્ધતિ વર્ણવેલ છે જે નીચે મુજબ છે.

કલમ-૧૫૪, પોલીસ અધિકારના કેસોમાં ખબર

(૧) પોલીસ અધિકારનો કોઈ ગુનો થવા અંગેની દરેક ખબર કોઈ પોલીસ સ્ટેશનના ઈનચાર્જ અધિકારીને મૌખિક રીતે આપવામાં આવે તો તેણે તે લખી લેવી જોઈએ અથવા પોતાની દેખરેખ નીચે લખાવી લેવી જોઈશે અને ખબર આપનારને તે વાંચી સંભળાવવી જોઈશે. અને એવી દરેક લેખિત કે લખી લેવાયેલ ખબર ઉપર ખબર આપનારે સહી કરવી જોઈશે, અને આ માટે રાજ્ય સરકાર ઠરાવે.. તેવા નમૂનામાં તે અધિકારીએ પોતે રાખવાની ચોપડીમાં તેનો સારાંશ નોંધી લેવો જોઈશે.

(૨) પેટા કલમ(૧) હેઠળ નોંધ્યા પ્રમાણેની ખબરની એક નકલ ખબર આપનારને વિનામૂલ્યે તરત આપવી જોઈશે.

(૩) પેટા કલમ(૧) માં ઉલ્લેખેલી ખબર નોંધવા માટે પોલીસ સ્ટેશનના ઈનચાર્જ અધિકારીએ ના પાડયાની નારાજ થયેલ કોઈપણ વ્યકિતને માહિતીનો સારાંશ

..૨..

સંબંધિત પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટને લખીને ટપાલ મારફત મોકલી શકશે અને જો તે પોલીસ સુપ્રિ. ને ખાતરી થાય કે તેવી ખબરથી પોલીસ અધિકારીનો ગુનો થયાનું જણાય છે તો તેઓ આ અધિનિયમમાં ઠરાવેલ રીતે જાતે પોલીસ તપાસ કરશે અથવા પોતાની સત્તા નીચેના પોલીસ અધિકારીને તે પ્રમાણે પોલીસ તપાસ કરવાનો આદેશ આપશે અને તેના અધિકારીને તે ગુના સંબંધમાં પોલીસ સ્ટેશનના ઈનચાર્જ અધિકારીને જે સત્તા હોય છે તે તમામ સત્તા રહેશે.''

ફોજદારી કાર્યરીતિ ધારાની કલમ-૧૫૪(૩) હેઠળ જીલ્લા પોલીસ અધિકારીની મદદથી ફરીયાદીની ફરીયાદ નોંધાવવાની ઉપર્યુક્ત જોગવાઈ હોવા છતાં ફરીયાદ નહીં નોંધવાની પરિસ્થિતિમાં કોઈ ફેરફાર થયેલ નથી. પ્રજાને આવી ફરીયાદો નોંધાવવા માટે જીલ્લાના પોલીસ મુખ્ય મથકે મદદ લેવા જવામાં ઘણી મુશ્કેલીઓ પડતી હોય છે. ખરેખર તો ફરીયાદો નોંધાવવા ફરીયાદીએ તેમના વતન-ગામડેથી ઘણે દૂર જવું ન પડે તે માટે આવી વૈકલ્પિક વ્યવસ્થા તેમના ગામથી નજીક તાલુકા કક્ષાએ થાય તે જરૂરી જણાતું હતું.

## ઠ રા વ

ફોજદારી કાર્યરીતિ ધારાની કલમ ૧૫૪ ની સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં અમુક પોલીસ સ્ટેશનમાં સ્થાનિક પોલીસ સ્ટેશન અધિકારી કોગ્નીઝેબલ ગુનાના પ્રથમદર્શી અહેવાલ ( એફ.આઈ.આર) ની નોંધણી નથી કરતાં તેવી જાહેર જનતાની રજુઆત લક્ષમાં લઈને રાજ્ય સરકારે લોકોની રજુઆત યોગ્ય રીતે નોંધાય તે માટે વિશેષ વ્યવસ્થા કરવાનું જરુરી જણાયું છે. આના કારણે સમાજના નબળા વર્ગના ફરીયાદીને યોગ્ય ન્યાય મેળવવામાં વિશેષ મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

જ્યારે સ્થાનિક પોલીસસ્ટેશનના અધિકારી આવી નોંધણી ન કરે ત્યારે સંબંધિત વ્યક્તિ નજીકના તાલુકા મેજીસ્ટ્રેટને લેખિતમાં કોગ્નીઝેબલ ગુનાનો પ્રથમદર્શી અહેવાલ(એફ.આઈ.આર) આપી શકશે અને તાલુકા મેજીસ્ટ્રેટ આ ફરીયાદ તેમના '' શેરા'' સાથે સંબંધિત પોલીસ સ્ટેશન અધિકારીને મોકલશે. તાલુકા મેજીસ્ટ્રેટ તરફથી આવી વિગતો મળેથી તુરત જ જે તે પોલીસ અધિકારી એ તેની નોંધણી કરવાની રહેશે. આમાં કોઈ કસુર ન થાય તે જોવાની જવાબદારી જીલ્લા પોલીસ

અધિક્ષકનો રહેશે. કોઈ કિસ્સામાં કોઈ મુશ્કેલી ઉપસ્થિત થાય તો તેનું નિરાકરણ જીલ્લા કક્ષાએ જીલ્લા પોલીસ અધિક્ષક જીલ્લા મેજીસ્ટ્રેટના પરામર્શમાં કરશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. મહાપાત્ર
સચિવ
ગૃહ વિભાગ,.

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર ( પત્ર દ્વારા)
માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગાંધીનગર.
સર્વે માન. રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
સર્વે નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ,
અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, ગાંધીનગર.
પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
અધિક પોલીસ મહાનિર્દેશક [illegible] સી.આઈ.ડી(ક્રાઈમ), ગુજરાત રાજ્ય, અમદાવાદ.
અધિક પોલીસ મહાનિર્દેશક ( રેલ્વે) સી.આઈ.ડી.(ક્રા અને રે. ) ની કચેરી,
ગુજરાત રાજ્ય, અમદાવાદ
તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ,
સર્વે ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રીઓ,
સર્વે નાયબ મુખ્ય પોલીસ અધિકારીશ્રીઓ,
તમામ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ,
તમામ જીલ્લા પોલીસ અધિકારીશ્રીઓ,
પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ રેલ્વે, વડોદરા
તમામ તાલુકા મેજીસ્ટ્રેટશ્રીઓ
ગૃહ વિભાગની તમામ શાખાઓ/ અધિકારીશ્રીઓ
શાખા સિલેક્ટ ફાઈલ, મદદનીશ સિલેક્ટ ફાઈલ.
સેકશન અધિકારી સિલેક્ટ ફાઈલ.

પટેલ//૨૮.